**DISCLAIMER: The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.**

---

અહેવાલયોગ્ય

**ભારતની સર્વોચ્ચ અદાલત સમક્ષ**

**સિવિલ અપીલીય ન્યાયક્ષેત્ર**

**દીવાની અપીલ નં. ૧૬૬૯ / ૨૦૨૦**

સાબરમતી ગેસ લિ...... અપીલકર્તા

વિરુદ્ધ

શાહ એલોય્સ લિ......... સામાવાળા

**ચુકાદો**

**<u>ન્યાયમૂર્તિ સી. ટી. રવિકુમાર</u>**

(૧) ઈન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ (આઈબીસી) ની કલમ ૬૨ હેઠળ હાલની આ અપીલ સાબરમતી ગેસ લિ. (હવે પછી 'અપીલકર્તા' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) દ્વારા નેશનલ કંપની લો એપેલેટ ટ્રીબ્યુનલ (એનસીએલએટી) ના કંપની અપીલ (એટી) (ઈન્સોલ્વન્સી) નંબર 820/2019 માં તારીખ 19.12.2019 ના અંતિમ ચુકાદા સામે કરવામાં આવી છે. જે મુજબ એન.સી.એલ.એ.ટી. એ નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચ (એનસીએલટી) ની સીપી આઇ.બી.સી. નં. 516/9/એનસીએલટી/એએચએમ/2018 ના તારીખ 27.06.201 ના આદેશ સામે અપીલકર્તા દ્વારા

તેની મેસર્સ. શાહ એલોય્સ લિ.ના વહીવટી લેણદારની ક્ષમતાએ આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળ દાખલ કરવામાં આવેલી અપીલને ફગાવી દીધી હતી.

(૨) ઉપર્યુક્ત અપીલમાં મુખ્યત્વે કાયદાના બે પ્રશ્નોનો વિચાર કરવાની જરૂર છે , એટલે કે ....

(i) શું આઇ.બી.સી.ની કલમ–૯ હેઠળ દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં લિમિટેશન પીરિયડની ગણતરીમાં, તે સમયગાળો કે જે દરમ્યાન ઇન્ડસ્ટ્રીયલ કંપનીસ (સ્પેશયલ પ્રોવિઝન એક્ટ, 1985) (એસઆઈસીએ) ની કલમ–૨૨(૧) મુજબ કોર્પોરેટ દેણદાર સામે કાર્યવાહી કરવાનો કે દાવો કરવાનો ઓપરેશનલ (વહીવટી) લેણદારનો અધિકાર સિકાની કલમ–૨૨(૫) હેઠળની જોગવાઈ અન્વયે મોકુફ રહેલ તેને બાકાત રાખી શકાય કે કેમ?

(ii) શું સામાવાળાએ એવો વાદ લીધો છે કે તેમની અને અપીલકર્તા વચ્ચે નો વિવાદ અગાઉ થી ચાલ્યો આવતો વિવાદ હોઇ, આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળની અરજી રદ કરવા પાત્ર છે?

આ બંને પ્રશ્નો પર વિચાર કરતી વખતે કેટલાક અન્ય સંબંધિત પ્રશ્નો પણ વિચારણા માટે આવી શકે છે, જે આપણે યોગ્ય સમયે જણાવીશું અને ધ્યાનમાં લઈશું. સામાવાળા– દેવાદારે બોર્ડ ફોર ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ફાયનાનસિયલ રીકંસ્ટ્રક્શન (બીઆઇએફઆર) સમક્ષના કેસ નં. ૧૩/૨૦૧૦ માં અરજકર્તા હતા

અને હાલના અપીલકર્તા કેસ નં. ૧૩/૨૦૧૦ માંની પરચુરણ અરજી ક્રમાંક ૪૩૨/૨૦૧૩ માં અરજદાર હતા.

(૩) અરજકર્તા તરફે વિદ્ધાન સિનિયર કાઉન્સેલ શ્રી શ્યામ દીવાન અને સામાવાળા તરફે વિદ્ધાન સિનિયર કાઉન્સેલ શ્રી એસ. ગુરુ ક્રિષ્ના કુમારને સાંભળ્યા.

(૪) ઉપરોક્ત તેમજ હવે પછી જણાવેલા પ્રશ્નોની વિચારણા નીચેની હકીકતોની પૃષ્ઠભૂમિમાં કરવાની જરૂર છેઃ

સામાવાળા કંપનીને પોતાની ઉત્પાદન જરૂરિયાતો માટે નેચરલ ગેસના વ્યાપારી પૂરવઠાની જરૂર હતી. આ માટે 30.05.2008 ના રોજ અપીલકર્તા અને સામાવાળાએ ગેસ વેચાણ સમજૂતી (જીએસએ) કરી હતી, જેમાં તેમજ સમજૂતિ કરાર સાથે જોડેલ પરિશિષ્ટ–૨માં દર્શાવેલા સ્પષ્ટીકરણો અનુસારનો નેચરલ ગેસ પુરવઠો પૂરો પાડવાની જવાબદારી અપીલકર્તાની હતી અને તે કરારનો ભાગ પણ છે. સમજૂતીની શરત–૧૧.૨ અનુસાર, સિવાય કે કોઇક બીલની રકમ બાબતે તકરાર હોય, સામાવાળા કરાર અનુસારનું કોઈપણ ચુકવણું અટકાવી શકે તેમ નહોતા. અપીલકર્તાના જણાવ્યા અનુસાર સામાવાળાએ નવેમ્બર, ૨૦૧૧થી ફક્ત આંશિક અનિયમિત ચૂકવણીઓ કરેલ, જ્યારે તે સિવાયનાં બીલોના ચુકવણામાં ડિફોલ્ટ કરેલ. દરમિયાન, સામાવાળાઓ SICA હેઠળની

જોગવાઈઓના સંદર્ભમાં તેને ‘માંદા એકમ' તરીકે જાહેર કરવા અને તેના પુનરોત્થાન માટેની યોજનાની ભલામણ સબબ બી.આઈ.એફ.આર. સમક્ષ ગયા. ઉક્ત રેફરન્સ બી.આઈ.એફ.આર. સમક્ષ કેસ નં. ૧૩/૨૦૧૦ તરીકે દાખલ થયેલ અને તા.૩૧/૦૮/૨૦૧૦ ના હુકમ અન્વયે સામાવાળા 'બીમાર એકમ' તરીકે જાહેર થયેલ. અપીલકર્તાનો કેસ છે કે SICA ની કલમ-૨૨ ના કારણે સામાવાળા પર મૉરેટોરિયમ હતું અને તેથી, તે બી.આઈ.એફ.આર.ની મંજૂરી વિના બાકી નીકળતી રકમ માટે સામાવાળા સામે કાર્યવાહી કરી શકે તેમ નહોતા. તા.૦૭/૦૮/૨૦૧૨ ના રોજ અપીલકર્તાએ ગેસ પૂરવઠો મોકલવાનું બંધ કરેલ અને બી.આઈ.એફ.આર. સમક્ષના કેસ નં. ૧૩/૨૦૧૦ માં દરમ્યાનગીરી કરેલ. તા.૦૮/૦૩/૨૦૧૩ ના રોજ પરચુરણ અરજી ક્રમાંક ૪૩૨/૨૦૧૩ અન્વયે અપીલકર્તાએ સામાવાળા સામે રૂ० 4,71,56,095/- ની બાકી નીકળતી રકમ વસૂલવા કાર્યવાહી શરૂ કરવા માટે બી.આઈ.એફ.આર.ની મંજૂરી માગી હતી. તા.૦૯/૦૯/૨૦૧૫ ના રોજ બી.આઈ.એફ.આર.એ આ અંગે આદેશ પસાર કર્યો હતો. એ પછી ટૂંક સમયમાં, ચોક્કસપણે કહીએ તો તા.01.12.2016 થી, એસ.આઈ.સી.એ. કાયદો રદ કરવામાં આવેલ.

(૫) અપીલકર્તાના જણાવ્યા અનુસાર, બી.આઈ.એફ.આર. નું અધિકારક્ષેત્ર નાબૂદ થયું અને તેની સમક્ષની પડતર તમામ કાર્યવાહીઓ, જેમાં સામાવાળાનો કેસ પણ સામેલ છે, રદ કરવામાં આવી હતી અને આઈ.બી.સી.ની કલમ ૮ અને ૯

સહિત કેટલીક કલમો તા.01.12.2016 થી અમલમાં આવી. એટલે આઇ.બી.સી.ના અમલીકરણ પછી અપીલકર્તાએ તા.01.04.2017 ના રોજ આઇબીસીની કલમ–૮ અને ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી (એપ્લિકેશન ટુ એડજુડિકેટિંગ ઓથોરિટી) રૂલ્સ, ૨૦૧૬ના નિયમ–૫ હેઠળ ફોર્મ નંબર–3 ના સ્વરૂપે સામાવાળા તરફના વહીવટી દેવાં રૂ૦ ૪,૭૧,૫૬,૦૯૪.૭૬ ની ચુકવણીની માંગણી કરતી ડીમાન્ડ નોટીસ પાઠવેલ. તા.૧૦/૦૪/૨૦૧૭ ના રોજ સામાવાળાએ ઉપરોક્ત માંગણા–નોટિસનો જવાબ આપ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે, નેચરલ ગેસના પૂરવઠામાં કાપ મૂકવામાં આવ્યો હતો અને ગેસ પૂરવઠો બંધ થવાને કારણે મોટું નુકસાન થયું છે. આ પ્રકારની દલીલો ઉઠાવી, સામાવાળાએ માંગવામાં આવેલી રકમની ચૂકવણી કરવાની જવાબદારીને નકારી કાઢી હતી. ત્યારબાદ, અપીલકર્તાએ આઇ.બી.સી.ની કલમ–૯ હેઠળ NCLT, અમદાવાદ સમક્ષ એક અરજી દાખલ કરી હતી, જેમાં સામાવાળાના ઓપરેશનલ ક્રેડિટર તરીકે કોર્પોરેટ ઇન્સોલ્વેન્સી રીઝોલ્યુશન પ્રોસેસ (CIRP) શરૂ કરવાની માંગણી કરવામાં આવી હતી. એનસીએલટીએ તા.૨૭/૦૬/૨૦૧૯ ના રોજ આપેલા આદેશ અનુસાર આ અરજીને લિમિટેશનનો બાધ હોવા ઉપરાંત તે અપીલકર્તા અને સામાવાળા વચ્ચે ‘અગાઉથી અસ્તિત્વ ધરાવતા વિવાદ’ના કારણસર રદ કરવામાં આવી હતી. એન.સી.એલ.એ.ટી. સમક્ષ તેને પડકારતી અપીલ છેવટે વાદગ્રસ્ત ચુકાદામાં પરિણમી હતી.

(૬) લિમિટેશનનો બાધ હોવાના આધાર પર આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળ અપીલકર્તાની અરજી રદ થવાને કારણે ઊભા થયેલા કાયદાના પ્રથમ પ્રશ્ન પર અમે સૌપ્રથમ વિચાર કરીશું. ઉપરોક્ત હકીકતો અને દલીલોને ધ્યાનમાં રાખીને અપીલકર્તાએ દલીલ કરી કે જ્યારે આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળ અરજીને લિમિટેશનનો બાધ હોઇ તેને રદ કરવામાં આવી હતી, ત્યારે એનસીએલટી અને એન.સી.એલ.એ.ટી. એસઆઈસીએની કલમ કલમ–૨૨(૧) અને (૫) ની સંચિત અસરને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ રહ્યા છે. આ દલીલની વિસ્તૃત સમજણ આપતાં એ રજૂઆત કરવામાં આવી છે કે એનસીએલટી અને એન.સી.એલ.એ.ટી. આ વાતને સમજવામાં નિષ્ફળ ગયા હતા કે બી.આઇ.એફ.આર. દ્વારા સામાવાળાને ૩૧/૦૮/૨૦૧૦ના રોજ તેના આદેશ અનુસાર ‘માંદા કંપની’ તરીકે દાખલ કરવામાં આવ્યા હતા અને એટલે કલમ–૨૨ની પેટા કલમ(૫) અનુસાર, એસઆઈસીએ હેઠળ સસ્પેન્શનનો ગાળો એટલે કે 31.08.2010 થી 01.12.2016 સુધીનો ગાળો લિમિટેશન પિરિયડની ગણતરી કરતી વખતે બાકાત રાખવો જોઈતો હતો. અપીલકર્તાના જણાવ્યા અનુસાર, આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળની અરજી તા. 20.08.2018 ના રોજ દાખલ કરવામાં આવી હોઇ આવી મુક્તિ મંજૂર કરતાં ઉક્ત અરજીને લિમિટેશન કાયદાના અનુચ્છેદ–૧૩૭ ની જોગવાઇઓ મુજબના ૩ વર્ષના સમયગાળાની અંદર કરવામાં આવેલ હોવાનું માની શકાયું હોત. તે દલીલ કે અરજકકર્તાને મળેલ કાયદાદત્ત અધિકારો કે જે અન્વયે તેઓ કોઇક કાનૂની પ્રક્રિયા શરૂ કરી શકે કે ચાલુ રાખી શકે તેના સમર્થનમાં

અરજકર્તાના વિદ્ધાન કાઉન્સેલ શ્રી એ **પરમજીત સિંગ વિરુદ્ધ આઇ.સી.ડી.એસ. લિ. ના ચુકાદા,**[૧] **ખાસ કરીને ફકરા નં. ૪૩(ii)** નો આધાર લીધો છે.

--------

૧. (૨૦૦૬) ૧૩ એસ.સી.સી. ૩૨૨

(૭) અપીલકર્તાની દલીલોનો પ્રતિકાર કરતાં અને વાદગ્રસ્ત ચુકાદોનું સમર્થન કરતાં સામાવાળાએ દલીલ કરી કે એનસીએલટી અને એન.સી.એલ.એ.ટી. બંનેએ હાલના આ કેસમાં તથ્યાત્મક સ્થિતિને યોગ્ય રીતે ધ્યાને લીધી છે અને તે નિષ્કર્ષ કે, અપીલકર્તા દ્ધારા દાખલ કરવામાં આવેલ આઇ.બી.સી.ની કલમ–૯ હેઠળની તે અરજીને લિમિટેશનની જોગવાઈઓનો બાધ નડે છે, તે યોગ્ય છે. સામાવાળાના જણાવ્યા અનુસાર આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળની અપીલકર્તાઓની ઉક્ત અરજી અને તેમના દ્ધારા પાઠવવામાં આવેલ કલમ–૯ હેઠળની માંગણાં–નોટીસમાં બાકી લેણાંની રકમમાં વિસંગતતા છે. એવો પણ વાદ લેવામાં આવ્યો છે કે આ પ્રકારની વિસંગતતા કાર્યવાહીની તારીખનાં સંબંધમાં પણ અસ્તિત્વમાં છે, કારણ કે કલમ–૯ હેઠળની અરજીમાં જણાવ્યા મુજબ તથાકથિત દેવું નવેમ્બર, 2011થી બાકી હતું અને ડિમાન્ડ–નોટિસ મુજબ તથાકથિત દેવું 9 જુલાઈ, 2012નાં રોજ બાકી થયું અને ઉક્ત બન્ને કિસ્સામાં કલમ–૯ હેઠળની અરજીને લિમિટેશનનો બાધ નડે છે, કેમ કે તે વર્ષ ૨૦૧૮માં દાખલ કરવામાં આવી હતી, એટલે કે ચોક્કસપણે કહેવામાં આવે તો, કથિત ડિફોલ્ટથી 3 વર્ષ પછી! વધુમાં વાદ લેવામાં આવ્યો કે SICAની કલમ 22(5) હેઠળ બાકાત રખાયેલ સમયગાળાનો લાભ અપીલકર્તાને આઇ.બી.સી. ની કલમ–૯ હેઠળની અરજીના

સંદર્ભમાં લિમિટેશન પીરીયડ ગણતરીમાં લેવા માટે ઉપલબ્ધ નથી. સામાવાળાના જણાવ્યા અનુસાર, એસઆઈસીએની કલમ–૨૨(૧) કાર્યવાહીના કારણને અમર્યાદિત જીવિત રાખવા માટેનું બિનશરતી રક્ષણ પૂરું પાડતી નથી અને તેનો આશય બળજબરી સ્વરૂપની કાયદાકીય કાર્યવાહીને સ્થગિત કરી તેનાથી ઉદ્યોગસાહસની મિલકતોને સુરક્ષિત રાખવાનો છે. બીજા શબ્દોમાં કહીએ તો, વાદ એ છે કે વસૂલાત અરજી દાખલ કરવાની મંજૂરી હતી અને એસ.આઇ.સી.એ. ની કલમ–૨૨(૧) તેમ કરતાં અટકાવતી નહોતી પરંતુ, જેની સામે કામ ચલાવવામાં આવી રહ્યું છે તે ઔધ્યોગિક કંપનીની મિલ્કતો કે તેનાં પરનાં ભારણ સબબ પ્રતિનિર્દેશ આપતી હતી.

(૮) જ્યારે આઇ.બી.સી. ની કલમ–૮ અને ૯ તા. 01.12.2016 થી અમલમાં આવી હતી, ત્યારે કલમ–૯ હેઠળ અરજી દાખલ કરીને સીઆઈઆરપી શરૂ કરવાનો પ્રશ્ન 01.12.2016 થી જ શક્ય બન્યો હતો. પરંતુ પ્રશ્ન એ છે કે, આઇ.બી.સી. હેઠળ ‘ઓપરેશનલ ક્રેડિટર’ અભિવ્યક્તિ હેઠળ આવતાં કોઈ પક્ષકાર કે જે ઔદ્યોગિક કંપનીને બાકી નીકળતું કાર્યકારી દેવું હોવાનો દાવો કરે છે અને તેની વસૂલાત માટેનું કારણ 01.12.2016 થી ઘણું વહેલું ઊભું થયું હતું, પણ એસઆઈસીએની કલમ–૨૨(૧) હેઠળના કાયદાના બંધનના પરિપ્રેક્ષ્યમાં, એસઆઈસીએની કલમ–૨૨(૫) હેઠળના મોકૂફીના સમયગાળાના રક્ષણના પગલે કાર્યવાહીનું કારણ ઉત્તપન્ન થયાના ત્રણ વર્ષ વીતી જવા છતાં, શું

સી.આઇ.આર.પી. (કોર્પોરેટ ઇન્સોલ્વેન્સી રીઝોલ્યુશન પ્રોસેસ) શરૂ કરી શકાઇ હોત કે કેમ?

(૮. ૧) તે સંદર્ભમાં માત્ર SICA અન્વયની ઉપરોક્ત સુસંગત જોગવાઈઓનો સંદર્ભ લેવો યોગ્ય છે. એસ.આઇ.સી.એ. ની કલમ–૨૨(૧) નીચે મુજબ છે.–

> “(૨૨) કાયદાકીય કાર્યવાહીઓ, કરારો વગેરેને મુલતવી રાખવા– (૧) કોઈ ઔદ્યોગિક કંપનીના સંબંધમાં, કલમ ૧૬ હેઠળ તપાસ પડતર હોય અથવા કલમ ૧૭ હેઠળ ઉલ્લેખિત કોઈ યોજના તૈયારી કે વિચારણા હેઠળ હોય અથવા મંજૂર કરેલી કોઈ યોજના અમલમાં હોય અથવા કોઈ ઔદ્યોગિક કંપની સાથે સંબંધિત કલમ–૨૫ હેઠળ અપીલ પડતર હોય ત્યારે કંપની અધિનિયમ, ૧૯૫૬ (૧૯૫૬નો ૧) અથવા કોઈ અન્ય કાયદો અથવા ઔદ્યોગિક કંપનીના એસોસિયેશનના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ અથવા સદરહુ કાયદા અથવા અન્ય કાયદા હેઠળ અસરકર્તા હોય તેવા અન્ય કોઈપણ લેખમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ઔદ્યોગિક કંપનીને બંધ કરવા માટે અથવા ઔદ્યોગિક કંપનીની કોઈ મિલકતો સબબ તેના રિસીવરની નિમણૂક માટે [અને આવી ઔધ્યોગિક કંપની પાસે થી નાણાંની વસૂલાત અથવા કોઇ જામીનગીરીના અમલ માટે કે કોઇક લોન અથવા ધીરાણ સામે આપવામાં આવેલ ગેરંટી સબબ] કોઇ કાર્યવાહી હાથ ધરી શકાશે નહીં કે આગળ ધપાવી શકાશે નહિ, સિવાય કે સંબંધિત કિસ્સામાં બોર્ડ કે અપીલીય સત્તામંડળે તેની મંજૂરી આપી હોય."

(૮.૨) લિમિટેશન પિરીયડની ગણતરી કરતી વખતે 31.08.2010 થી 01.12.2016 સુધીના સમયગાળાને બાકાત રાખવા માટે અપીલકર્તા દ્વારા એસઆઇસીએની કલમ–૨૨(૫) નો નીચે મુજબ આધાર લેવામાં આવ્યો છેઃ –

> "(૨૨) કાયદાકીય કાર્યવાહીઓ, કરારો વગેરેને મુલતવી રાખવા.
> (૧). ....
> (૨). .......
> (૩). .........
> (4). .....
> (૫) કોઈ અધિકાર, વિશેષાધિકાર અથવા જવાબદારીના અમલીકરણ માટે લિમિટેશન પિરીયડની ગણતરી કરતી વખતે આ કલમ હેઠળના મોકૂફીગાળા અથવા તેના અમલીકરણ માટેના ઉપાયો સબબના ગાળાને બાકાત રાખવામાં આવશે."

(૯) આમ, ઉપરોક્ત એસઆઇસીએની કલમ–૨૨(૧) સ્પષ્ટતા કરે છે કે જ્યારે એક વાર કલમ–૧૬ હેઠળ કોઈ ઔદ્યોગિક કંપની સામે તપાસ પડતર હોય અથવા કલમ–૧૭ હેઠળની તેની કોઈ યોજના પડતર હોય અથવા કોઈ મંજૂર થયેલી યોજના અમલમાં હોય અથવા કોઈ ઔદ્યોગિક કંપની સાથે સંબંધિત કલમ–૨૫ અન્વયેની કોઈ અપીલ પડતર હોય, ત્યારે બોર્ડ કે અપીલીય સત્તામંડળની સંમતિ સિવાય, ઉપરોક્ત કલમમાં ઉલ્લેખિત અધિકારની પ્રાપ્તિ માટે કોઈ પણ કાર્યવાહી હાથ ધરવા માટે કાયદેસરનો બાધ રહે. અગાઉ નોંધ્યું હતું તેમ, એસઆઇસીએને રદ કરવામાં આવ્યું અને આઇ.બી.સી. (કલમ ૭ થી ૯ અને વિવિધ અન્ય ધારાઓ સહિત) એ જ દિવસે એટલે કે 01.12.2016 ના રોજ અમલમાં આવી હતી .

(૧૦)પરમજીત સિંહ પહેજાના કેસ (સુપ્રા)માં આ કોર્ટના બે જજોની ખંડપીઠે આપેલા ચુકાદામાં, ખાસકરીને આઇ.બી.સી. ની કલમ–૯ અન્વયેની અરજી દાખલ કરતાં સમયે લિમિટેશન પીરીયડની ગણતરીમાં તા.૩૧/૦૮/૨૦૧૦ થી ૦૧/૧૨/૨૦૧૬ના ગાળાને બાકાત રાખવા સબબ, પરિચ્છેદ ૪૩(vii) નો અપીલકર્તાએ આધાર લીધો છે. અત્રે સંબંધિત તે ભાગ નીચે મુજબ છે: –

> (૪૩) આ ચર્ચાઓ સબબ અમે ઠેરવ્યું છે કે:
> (i) ..........
> (ii) .......
> (iii) .........
> (iv) .......
> (v)
> (vi)
> ...
> (vii) એ સુસ્થાપિત નિયમ છે કે કોઈ જોગવાઈનો અર્થ એવી રીતે કરવો જોઈએ કે તે તેના હેતુને અસરકારક બનાવે અને જે બાબતને ધ્યાનમાં રાખીને તેનો અમલ કરવામાં આવ્યો હતો તેમાંની ખોટી બાબતોને દૂર કરે. કલમ–૨૨ નો ઉદ્દેશ મુખ્ય દેવાદારના બી.આઇ.એફ.આર. સમક્ષ પડતર રેફરેન્સ સબબની કાયદેસરની કાર્યવાહીમાં ગેરન્ટર્સને બચાવવાનો છે, જેથી બીમાર કંપનીના ગેરન્ટર્સ સામેની અલગ અલગ કાર્યવાહીથી પુનરોત્થાનની યોજના નિષ્ફળ ન જાય. આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે કલમ–૨૨ હેઠળની 'દાવા' અભિવ્યક્તિને તેનો સ્પષ્ટ અર્થમાં લેવી ઘટે, એટલે કે પક્ષકારમાં નિહિત કાયદેસરના અધિકારની પ્રાપ્તિ માટે કોઈ પણ

કાર્યવાહીને અપનાવવી રહી. તેમાં સ્પષ્ટપણે લવાદની પ્રક્રિયા સામેલ હશે."

**(ભારપૂર્વક)**

(૧૧) આમ **પરમજીત સિંહ પઠેજાના કેસમાં (સુપ્રા)** નિર્ણિત થયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને આ અદાલતની અગાઉની બે જજોની ખંડપીઠે **કૈલાશનાથ અગ્રવાલ અને અન્યો વિરુદ્ધ પ્રદેશિકા ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ લિ. યુ. પી. અને અન્ય**[૨] ના કેસમાં આપેલ ચુકાદાને ધ્યાને લેવો યોગ્ય રહેશે. તે કેસમાં એ પ્રશ્ન પણ ધ્યાને લેવામાં આવેલ કે એસ.આઈ.સી.એ. ની કલમ–૨૨ શું બીમાર કંપનીના બાંહેધરી આપનારા (ગેરંટર્સ)ને પણ રક્ષણ આપે છે કે માત્ર બીમાર કંપની ને જ? આ સંદર્ભમાં નોંધ લેવી સુસંગત છે કે કૈલાશ નાથ અગ્રવાલના કેસનો નિર્ણય (સુપ્રા) પરમજીત સિંહ પઠેજાના કેસનો નિર્ણય કરતી વખતે પછીની લાર્જર બેંચના ધ્યાનમાં લાવવામાં આવ્યો ન હતો. બીજા શબ્દોમાં કહીએ તો, પછીનો કેસ કાયદાના તથ્યો ધ્યાને લીધા સિવાય નિર્ણિત થયો હતો. કૈલાશ નાથ અગ્રવાલના કેસમાં, પરમજીત સિંહ પઠેજાના કેસમાં ઉઠાવવામાં આવેલી દલીલોને સમાન ગણ્યા પછી, આ અદાલતે ઠેરવ્યું હતું કે "કાર્યવાહી" અને "દાવા" શબ્દોનો અલગ અલગ પરીપેક્ષ્યમાં અર્થ કાઢવો પડશે, કારણ કે તેઓ ભિન્ન બાબતોને દર્શાવવા માટે ઉઠાવવામાં આવ્યા છે. એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે, SICA ની કલમ–૨૨(૧) માત્ર ઔદ્યોગિક કંપની સામે રિકવરી પર

પ્રતિબંધ મૂકે છે અને રિકવરી પ્રક્રિયા સામે ગેરન્ટરને કોઈ સુરક્ષા આપવામાં આવી નથી.

-------------
૨. (૨૦૦૩) ૪ એસ.સી.સી. ૩૦૫

(૧૨) ઉપરોક્ત પરસ્પર વિરોધાભાસી નિર્ણયો અમને ત્યારબાદના આ અદાલતની ત્રણ જજીસની બેંચ દ્વારા **કે.એસ.એલ. એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ. વિરુદ્ધ મેસર્સ અરિહંત થ્રેડ્સ લિ.**[૩] ના કેસમાં આપવામાં આવેલ ચુકાદાના પ્રકાશમાં, કૈલાશનાથ અગ્રવાલ (સુપ્રા)ના કેસમાં બે જજીસની બેન્ચ સમક્ષ લેવામાં આવેલ વાદના ફાઇન્ડીંગ્સની નોંધ લેતાં, તે જણાયું છે કે તે નિર્ણય એસ.આઇ.સી.એ. ની કલમ–૨૨(૧) હેઠળ સંબંધિત કંપનીને મળતાં રક્ષણના વ્યાપ અંગેના પ્રશ્નને સ્પર્શતો નથી. આ અવલોકન ઉપરાંત તે ત્રણ જજીસની બેન્ચે આ પ્રશ્નને ધ્યાને લીધો. આ સંબંધમાં ફકરા 32,33 અને 53 સુસંગત છે અને નીચે મુજબ વંચાણે લેવામાં આવે છેઃ

------------------
૩. (૨૦૧૫) ૧ એસ.સી.સી. ૧૬૬

> "(૩૨) અગાઉ જણાવ્યા અનુસાર કલમ–૨૨ની પેટાકલમ– (૧) ને બે ભાગોમાં વહેંચી શકાય. એક ભાગમાં તેમાં જોગવાઈ કરવામાં આવી છે કે, ઔદ્યોગિક કંપનીને બંધ કરવા માટે અથવા આવી ઔદ્યોગિક કંપનીની કોઈપણ મિલકતો સામે અમલીકરણ, ભારણ કે તેના જેવું કોઈ કાર્ય શરૂ કરવામાં આવશે નહીં અને બીજા ભાગમાં તેમાં જોગવાઈ કરવામાં આવી છે કે, નાણાંની વસૂલાત માટે અથવા ઔદ્યોગિક કંપની સામે કોઈ જામીનગીરી લાગુ કરવા માટે અથવા ઔદ્યોગિક કંપનીને આપવામાં આવેલી કોઈ લોન કે એડવાન્સ

અથવા તેના સંબંધની કોઈ બાંયધરી સબબ કોઈ કેસ શરૂ કરવામાં આવશે નહીં સિવાય કે, બોર્ડ અથવા અપીલીય સત્તામંડળ જે લાગુ પડતું હોય તેની સંમતિ હોય."

"(૩૩) નિઃશંકપણે, વર્તમાન કાર્યવાહીઓ એટલે કે "વસૂલી માટેની અરજી" ને કોઈ પણ મિલકત સામેની કાર્યવાહીઓ તરીકે વર્ણવી શકાતી નથી, પરંતુ તે ચોક્કસપણે એક કાર્યવાહી છે, જેના પરિણામે કંપનીની મિલકત સામે કાર્યવાહી અને ભારણ ઊભાં થયાં છે અને આથી તેને ઔદ્યોગિક કંપનીની કોઈ પણ મિલકત સામે અમલીકરણ, ભારણ અથવા તેના જેવી કાર્યવાહી તરીકે ગણવામાં આવે છે." અમારું માનવું છે કે આ પ્રકારનું માળખું સંસદી હેતુની મર્યાદામાં છે, જ્યાં ઋણધારકનું દેવું કે દેવાં પેટે મિલ્કત ગિરવે મૂકીને દેવાની વસૂલાત માટેની કાર્યવાહી સુનિસ્ચિત કરવામાં આવી છે. ચોક્કસપણે એવું માનવાનો કોઇ કારણ નથી કે સંસદનો આશય એ હતો કે સમરી પ્રોસીજર દ્વારા વસૂલાત માટેની આવી અરજી કરી શકાય કે આગળ ધપાવી શકાય, પણ તેની અમલવારીને અન્યથા નિર્દેશિત કે અવરોધી શકાય. આ સંદર્ભમાં એ બાબત યાદ રાખવામાં આવે કે આરડીડીબી કાયદા હેઠળ જોગવાઇ કરવામાં આવેલી સમરી પ્રોસીડિંગ અનુસારની વસૂલાત માટેની અરજી સબબની કાર્યવાહીનો ઉલ્લેખ કલમ–૨૨ માં કરવામાં આવ્યો નથી, કારણકે આરડીડીબી કાયદો તે સમયે અમલમાં આવ્યો ન હતો."

"(૫૩) વધુમાં, અમને કલમ–૨૨ના કાર્યક્ષેત્રમાંથી વસૂલાંત માટેની અરજીને બાકાત રાખવાના એસ.આઈ.સી.એ.ના ઈરાદામાં કોઈ વિરોધાભાસ જોવા મળ્યો નથી. ખરેખર આ પ્રકારનું કોઈ કારણ ન હોઈ શકે કારણ કે આ જોગવાઈનો હેતુ બીમાર કંપનીની

મિલકતોનું રક્ષણ કરવાનો છે, જેથી બી.આઇ.એફ.આર. દ્વારા તેના પુનરોત્થાનના હેતુ માટે શ્રેષ્ઠત્તમ શક્ય રીતે ઉકેલ લાવી શકાય. પંજાબ રાજ્ય વિરુદ્ધ ઓકારા ગ્રેન બાયર સિંડિકેટ લિ. મનુ/એસસી/0023/1963: AIR 1964 SC 669 કેસમાં અદાલતે કાયદાના લાભદાયી હેતુને જાળવી રાખવાના મહત્વને વ્યક્ત કર્યું અને નોંધ્યું હતું કેઃ

૧૪. આથી અમે કાયદાની જોગવાઈઓની ચકાસણી આ પ્રમાણે કરીશું કે સરકાર કાયદાથી બંધાયેલી છે કે નહીં એ નક્કી કરવાની કસોટી એ છે કે સરકાર કાયદાથી બંધાયેલી છે કે નહીં, તે બાબતોની કાયદાની જોગવાઈઓમાં સ્પષ્ટપણે નામજત કરવામાં આવી છે કે "કાયદાની શરતોના આધારે સરકાર એમ જણાવે છે કે તેનાં બંધાયેલાં રહેવું તે વિધાનમંડળનો ઈરાદો હતો", અને જો સરકાર બંધાયેલ ન હોય, તો કાયદાનો લાભદાયી હેતુ સંપૂર્ણપણે નષ્ટ થઇ જાય."

(૧૩) આમ, એ સ્પષ્ટ છે કે કેએસએલ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિ. (સુપ્રા) ના કેસમાં ત્રણ જજોની ખંડપીઠે એસઆઈસીએની કલમ–૨૨(૧) માં સમાવિષ્ટ બંધનને ધ્યાનમાં રાખીને બેંકો અને નાણાકીય સંસ્થાઓના બાકી દેવાંની વસૂલાત ધારો, ૧૯૬૩ (આરડીડીબી કાયદા) હેઠળની વસૂલાત માટેની અરજી બીમાર કંપની સામે કાર્યવાહી હાથ ધરવા માટે કરી શકાય કે આવી કાર્યવાહીને આગળ ધપાવી શકાય તે પ્રશ્ન ધ્યાને લેવામાં આવ્યો. દેખીતી રીતે તે જાણ્યા પછી કે આર.ડી.ડી.બી. એક્ટ હેઠળની રિકવરી માટેની અરજીને મિલ્કત પર એક્ઝીક્યુશન, ભારણ કે તેવી પ્રક્રિયા લાદવાની કાર્યવાહી કહી શકાય કે કેમ, તે

સબબ તે ઠરાવ્યું છે કે તે ચોક્કસપણે કંપનીની મિલ્કત સામે એક્ઝીક્યુશન કે ભારણ તરીકે પરિણમતી હોઇ, તેને ઔદ્યોગિક કંપનીની મિલ્કત પરની એક્ઝીક્યુશન, ભારણ કે તેવી કાર્યવાહી માનવી રહી. તે મુજબ એવું માનવામાં આવ્યું હતું કે, આ પ્રકારનું માળખું સંસદની હેતુ–મર્યાદાની અંદર હોય. વધુમાં, તેમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, સંસદનો આશય એવો નથી કે સમરી પ્રોસીઝર હેઠળ વસૂલાત માટે આવી અરજી કરી શકાય કે આગળ ધપાવી શકાય, પરંતુ તેના અમલ પર જ પ્રતિનિર્દેશ આપવાનો કે તેને અટકાવવાનો છે. આ ઉપરાંત ત્રણ જજોની ખંડપીઠને એસઆઈસીએના કલમ–૨૨ ના કાર્યક્ષેત્રમાંથી વસૂલાત માટેની અરજીને બાકાત રાખવાના ઈરાદામાં કોઈ વિરોધાભાસ જણાયો ન હતો. તે હકીકતની નોંધ લેતાં કે ઉક્ત જોગવાઈનો ઉદ્દેશ બીમાર કંપનીની મિલકતોનું રક્ષણ કરવાનો છે, જેથી બી.આઇ.એફ.આર. દ્વારા તેને પુનર્જીવિત કરવાના હેતુ માટે શક્ય હોય તેટલી શ્રેષ્ઠ રીતે તેનો સામનો કરી શકાય.

(૧૪) સિકાની કલમ–૨૨(૧) હેઠળની જોગવાઈઓ અને પરમજીત સિંહ કેસ (સુપ્રા) અને કેએસએલ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (સુપ્રા) ના નિર્ણયોને ધ્યાનમાં રાખીને એ નોંધવું યોગ્ય રહેશે કે હાલના કેસમાં ઔદ્યોગિક કંપની (હાલના પ્રતિવાદી) એ સીકાની જોગવાઈઓ હેઠળ બી.આઇ.એફ.આર. કેસ નં. ૧૩/૨૦૧૦ દાખલ કરેલ. તે પછી અપીલકર્તાએ પરચુરણ અરજી ક્રમાંક 432/2013 દાખલ કરી હતી, જેમાં અન્ય બાબતોની સાથે–સાથે એસઆઈસીએની કલમ–૨૨ હેઠળ ઉપરોક્ત દેવાંની વસૂલાત માટે યોગ્ય

અધિકારક્ષેત્રની દીવાની અદાલતમાં વ્યાજની ચૂકવણી કરવાની મંજૂરી માંગી હતી; પરિશિષ્ટ–એ 40 ની કાર્યવાહી અનુસાર આ અરજીનો નિકાલ 09.09.2015 ના રોજ કરવામાં આવ્યો હતો, અને તે પણ અરજદારની બાકી નીકળતી રકમનો ડીઆરએસમાં સમાવેશ કરવા સામાવાળા કંપનીને નિર્દેશ આપવા સાથે, અને પરિશિષ્ટ–એ 40, કેસ નંબર 13 ઓફ 2010 અને એમ. એ. નં. 292/2014 મુજબ તે સમયે સુનાવણી પર રાખવામાં આવ્યા હતા. ટૂંકમાં કહીએ તો, કેસ નં. 13/2010 બી.આઇ.એફ.આર. સમક્ષ પડતર હતો, જ્યારે સીકા 01.12.2016 થી રદ કરવામાં આવ્યો હતો અને આઇ.બી.સી. 01.12.2016 થી અમલમાં આવ્યો. આમ, દેખીતી રીતે, જ્યારે સામાવાળા તરફથી કથિત રીતે ડીફોલ્ટ થયો ત્યારે એસ.આઇ.સી.એ. સમક્ષની કાર્યવાહી પડતર હતી અને એસ.આઇ.સી.એ. ની કલમ–૨૨(૧) અને ઉપર ઉલ્લેખિત હુકમોને કારણે અપીલકર્તા તે સમયે કોઈ પણ અધિકારનો અમલ કરાવવા માટે કોઈ પણ કાયદાકીય કાર્યવાહીનો આશ્રય લઈ શકે તેમ નહોતા કે જેનાથી સામાવાળા કંપનીની મિલકતોમાંથી દેવાંની વસૂલાત થઈ શકે. આ જ કારણોસર, સામાવાળાની દલીલ કે બી.આઇ.એફ.આર. સમક્ષ કાર્યવાહી પડતર હોવાં દરમ્યાન અપીલકર્તા લવાદ કાર્યવાહીનો આશરો લઈ શક્યા હોત, તેમાં વજૂદ નથી કેમ કે, તે પણ નિષ્ફળ જ જાત.

(૧૫) હવે આપણે કલમ–૨૨(૫), એસઆઈસીએના હેતુ–આશય પર વિચાર કરવો રહ્યો. તેનો આશય પક્ષકારના હિતોનું રક્ષણ કરવાનો જણાય છે, જેને કલમ–૨૨(૧), SICA અન્વયેના મોરેટોરિયમ અમલીકરણ સમયગાળા દરમિયાન બાકી નીકળતી રકમ વસૂલવાના અધિકારનો કાયદેસર અમલ કરવાથી અટકાવવામાં આવ્યો હતો જે અન્યથા તેની પાસે ઉપલબ્ધ હોત તેમજ તે બી.આઇ.એફ.આર. સમક્ષ કાર્યવાહીના સમાપન પછી પણ તેમાં સ્પષ્ટપણે જણાવેલ મર્યાદાઓના દાયરામાં ઉપલબ્ધ હોત. અમારા મુજબ કલમ–૨૨(૫) હેઠળ જોગવાઈઓનું અન્ય કોઈપણ અર્થઘટન સંપૂર્ણપણે અર્થહીન અને ઉદ્દેશ્યહીન રહેશે. જ્યારે અપીલકર્તા બી.આઇ.એફ.આર. માં પક્ષકાર છે એટલે કે સામાવાળા કંપનીને બાકી નીકળતી રકમ વસૂલવા માટે મંજૂરી માંગતી અરજીમાં ડ્રાફ્ટ રિહેબિલિટેશન સ્કીમ (ડીઆરએસ)માં તેના લેણાંનો સમાવેશ કરવાનો આદેશ મેળવી દરમ્યાનગીરી કરી હોય અને આ પ્રકારનો તબક્કો 01.12.2016 સુધીમાં આવ્યો ન હોય, ત્યારે શું એસઆઈસીએની કલમ–૨૨(૫) હેઠળની જોગવાઈઓથી મળતા લાભોનો દાવો કરવા માટેનું કોઈ ઔચિત્ય રહશે?

(૧૬) ઉક્ત સ્થિતિમાં આઇ.બી.સી. કલમ–૨૫૨નો સંદર્ભ લેવો યોગ્ય રહે, જે નીચે મુજબ છેઃ –

"૨૫૨. ધી સીક ઇન્ડસ્ટ્રીયલ કંપનીઝ (સ્પેશયલ પ્રોવિઝન્સ) રીપીલ એક્ટ, ૨૦૦૩ ને આઠમી અનુસૂચિમાં નિર્દિષ્ટ રીતે સુધારવો રહ્યો."

(૧૬.૧) આઠમી અનુસૂચિમાં સિકા રિપીલ એક્ટ, 2003 ની કલમ–૪ની પેટા–કલમ (બી) ને તા.૦૧/૧૨/૨૦૧૬ ની અસરથી બદલવા માટે નીચે મુજબ સુધારા કરવામાં આવ્યા છેઃ

"(ખ) આ સંબંધમાં કેન્દ્ર સરકાર દ્વારા સૂચિત કરવામાં આવે તેવી તારીખે અપીલીય સત્તામંડળને કરેલી કોઈ અપીલ અથવા બોર્ડ સમક્ષ કરેલ કોઇપણ રેફરન્સ અથવા તપાસ અથવા <u>કોઇપણ કાર્યવાહી કે જે માંદા ઔદ્યોગિક કંપનીઓ (ખાસ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૮૫ (૧૯૮૬નો ૧) હેઠળ અપીલીય સત્તામંડળ અથવા બોર્ડ સમક્ષ પડતર હોય તેવી કોઈપણ કાર્યવાહી રદ કરવામાં આવશેઃ</u> જોગવાઈ કરવામાં આવી છે કે જે કંપનીના સંબંધમાં આવી અપીલ કે રેફરન્સ કે તપાસ રદ કરવામાં આવી હોય તે કંપનીએ ઇન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ની જોગવાઈઓ અનુસાર ઇન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ની શરૂઆત થયાના એકસો એંસી દિવસની અંદર ઇન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ અંતર્ગત નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યુનલ સમક્ષ રેફરન્સ દાખલ કરવો રહ્યો:

વધુમાં, જે કંપનીની અપીલ કે રેફરન્સ કે તપાસ આ ક્લોઝ હેઠળ રદ કરવામાં આવી હોય તેવી કંપની દ્વારા ઇન્સોલ્વેન્સી એન્ડ બેંકરપ્સી કોડ, ૨૦૧૬ હેઠળ આવો રેફરન્સ દાખલ કરવા માટે કોઈ ફી ચૂકવવાની રહેશે નહીં.''

(ભારપૂર્વક)

(૧૭) ઉપરોક્ત બદલાયેલા સબ–ક્લોઝ–(બી) નું અવલોકન કરવાથી જાણવા મળશે કે એસઆઈસીએ હેઠળ બોર્ડ સમક્ષ કરેલા રેફરન્સ કે તપાસ પડતર હોવાં દરમ્યાન કે અન્ય કોઈ પણ પ્રકારની કાર્યવાહી કેન્દ્ર સરકાર દ્વારા અધિસૂચના બહાર પડતાં રદ થઈ જશે. પેટા–ખંડ–(બી) ના પ્રથમ પરંતુકમાં માત્ર એ કંપનીને લાગુ પડતી સમયમર્યાદાનો સંદર્ભ આપવામાં આવ્યો છે, જેના સંબંધમાં અપીલ અથવા રેફરન્સ અથવા તપાસ અથવા આવી કોઈ કાર્યવાહી સદરહુ સબ–ક્લોઝ હેઠળ રદ કરવામાં આવી છે. ઉપરોક્ત શરતો અનુસાર, આવી કંપની આઇ.બી.સી. શરૂ થયાનાં ૧૮૦ દિવસની અંદર અને એની જોગવાઈઓ અનુસાર આઇ.બી.સી. હેઠળ એનસીએલટી સમક્ષ રેફરન્સ દાખલ કરી શકે છે. ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા 25.11.2016 ના રોજ એસ. ઓ. ૩૫૬૯(ઈ) હેઠળ ઉક્ત સુધારો અધિસૂચિત કરવામાં આવ્યો હતો. આથી એ સ્પષ્ટ છે કે, રિપીલ એક્ટ (2003 નો 1) હેઠળ એસઆઈસીએને 01.12.2016 ની અસરથી નાબૂદ કરવાના કારણે ઔદ્યોગિક કંપની દ્વારા શરૂ કરવામાં આવેલી એસઆઈસીએ અંતર્ગત કોઈપણ પડતરકાર્યવાહી કે તપાસ રદ કરવામાં આવી હોય અને આવા 180 દિવસના સમયગાળાની શરત માત્ર આવી કંપનીને લાગુ પડે. ઉક્ત પેટા–ક્લોઝ(બી) અને શરતો પર નજર કરતાં તેવું જણાતું નથી કે આઇ.બી.સી. હેઠળ ઉપલબ્ધ ઉપાયો સાથે આગળ વધવા માટેના રેફરન્સ, તપાસ કે કાર્યવાહીમાં વિરોધી પક્ષના સંબંધમાં આવી કોઈ ચોક્કસ સમયમર્યાદા દર્શાવતું નથી અથવા

સૂચવતું નથી. ઉપરોક્ત સંજોગોમાં, જો આ પ્રકારનો કોઈ વિરોધી પક્ષ આઇ.બી.સી. હેઠળ 'ઓપરેશનલ ક્રેડિટર' અભિવ્યક્તિની અંદર આવે છે, તો તે સબબ માત્ર એવું જ માની શકાય છે કે એડજ્યુડિકટિંગ સત્તામંડળ સમક્ષ સમયમર્યાદા બાધ સબબ રજૂઆત કરવા આઇ.બી.સી.ની જોગવાઇઓનું અનુસરણ થશે. આ સંદર્ભમાં એ પણ નોંધ લેવી સુસંગત છે કે જે કંપની સબબ રેફરન્સ કે તપાસ કે કોઈ પણ કાર્યવાહી ઉલ્લેખ કર્યા પ્રમાણે રદ થઈ હોય, તો તેને આઇ.બી.સી. હેઠળ રેફરન્સ દાખલ કરવા માટે એસઆઇસીએ રિપીલ એક્ટની કલમ 4 ની પેટા–કલમ(બી) ની બીજી જોગવાઈની દ્રષ્ટિએ કોઈ ફી ચૂકવવાની જરૂર નથી. એ કહેવાની જરૂર નથી કે આ મુક્તિ રદ કરવામાં આવેલી કાર્યવાહીઓ કે સંબંધિત રેફરન્સ કે તપાસમાં અન્ય પક્ષોને ઉપલબ્ધ નથી.

(૧૮) આઇબીસીની કલમ–૬ હેઠળ જોગવાઈ કરવામાં આવી છે કે જ્યારે કોઈ પણ કોર્પોરેટ દેણદાર ડિફોલ્ટ કરે છે, ત્યારે નાણાકીય લેણદાર, ઓપરેશનલ લેણદાર અથવા કોર્પોરેટ દેણદાર પોતે આઇ.બી.સી. પ્રકરણ–૨ હેઠળ જોગવાઇ કરેલ રીતમાં આવા કોર્પોરેટ દેણદારના સંબંધમાં સીઆઇઆરપી શરૂ કરી શકે છે. કલમ–૮, કે જે પ્રકરણ–૨ હેઠળ આવે છે, તે ઓપરેશનલ લેણદાર દ્વારા નાદારી ઠરાવ સાથે સંબંધિત છે. તેમાં જોગવાઈ કરવામાં આવી છે કે, ઓપરેશનલ ક્રેડિટર ડિફોલ્ટ થવાના કિસ્સામાં નહિ ચુકવાયેલ વહીવટી દેવાં માટેની માંગણા–નોટીસ કે ડિફોલ્ટ હેઠળની કોર્પોરેટ દેવાંદાર પ્રત્યે લેણી રકમની માંગણી કરતાં ઇનવોઇસની નકલ સ્વરૂપે કે અન્ય એવાં કોઇપણ નિર્ધારિત સ્વરૂપે અને રીતથી નોટીસ આપી

શકે છે. અહીં નોંધનીય છે કે, આઇ.બી.સી. ની કલમ ૮(૧) માં છાપકામની ભૂલ હોવાનું જણાય છે, કારણ કે 'ચૂકવણી ન કરેલા ઓપરેશનલ ઋણની માંગણા નોટિસ'ને બદલે તેને 'ચૂકવણી ન કરેલા ઓપરેશનલ ઋણદાતાની માંગણા નોટિસ' તરીકે છાપવામાં આવેલ છે. દેખીતી રીતે, ગેઝેટ નોટિફિકેશનમાં પણ 'દેણદાર' શબ્દ 'ચૂકવણી વગરની ઓપરેશનલ' શબ્દસમૂહની પાછળ છપાયો છે. તેમાં ઉપયોગમાં લેનારા 'દેણદાર' શબ્દને 'ઋણ' અને 'અથવા 'માં વિભાજીત કરવો પડશે, જેથી હેતુ સિદ્ધ થાય અને કલમ ૮(૧) નો આશયપૂર્ણ અર્થ કરી શકાય અને આ દ્રષ્ટિકોણ કલમ ૮ની પેટા કલમ (૨) થી પણ સમર્થિત થાય છે. આઇ.બી.સી.ની કલમ–૮ ની પેટા–કલમ–૨ જ્યાં સુધી સંબંધિત છે, તે નીચે મુજબ વંચાણે લઈ શકાય: –

> (૮) (૧)....
> (૨) કોર્પોરેટ દેણદારે <u>ડિમાન્ડ નોટિસ (માંગણાં નોટીસ) અથવા પેટાકલમ (૧) માં ઉલ્લેખિત ઇનવોઇસની નકલ મળ્યાના</u> ૧૦ દિવસની અંદર ઓપરેશનલ લેણદારના ધ્યાનમાં લાવવું રહ્યું કે –
> (ક) આવી નોટિસ અથવા આવા વિવાદના સંબંધમાં ઇન્વોઇસ મળ્યા પહેલાં દાખલ કરવામાં આવેલ દાવો અથવા લવાદની પડતર કાર્યવાહી કે જે આવી નોટીસ કે ઇન્વોઇસ મળ્યા પહેલાં આવાં વાદ સબબ દાખલ કરવામાં આવેલ છે, જો આવો કિસ્સો હોય તો;
> (ખ) <u>નહિ ચૂકવાયેલ કાર્યકારી દેવાની ચુકવણી</u> –
> (રેખાંકિત કરવામાં આવે છે)

(૧૯) તેવી જ રીતે, ઉપરોક્ત સ્થિતિ ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી (એપ્લિકેશન ટુ એડજ્યુડિકેટિંગ ઓથોરિટી) રૂલ્સ, ૨૦૧૬ના નિયમ ૫ (ટૂંકમાં 'નિયમો') માંથી પણ સ્પષ્ટ થાય છે. નમૂના–3માં આપવામાં આવેલી સૂચના અનુસાર, જેમાં 'નિયમો' અંતર્ગત કૉર્પોરેટ દેણદારને ડિમાન્ડ નોટિસ આપવી ઘટે, તેમાંથી સંહિતાની કલમ–૯ હેઠળ અરજી દાખલ કરવાના ૧૦ દિવસ અગાઉ કૉર્પોરેટ દેણદારને નોટિસ આપવામાં આવે. આ સૂચનાનો માત્ર એવો અર્થ કાઢી શકાય છે કે, સંહિતાની કલમ ૯ હેઠળ અરજી દાખલ કરવા માટે ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ કોર્પોરેટ દેવાદારને તે પાઠવવી રહી, કારણ કે આઇ.બી.સી.ની કલમ –૯ હેઠળ અરજી દાખલ કરવા માટેની મર્યાદા આઈ.બી.સી.ની કલમ–૨૩૮એ અન્વયે નિયમિત થાય છે. અને આથી એવો અર્થ કાઢી શકાતો નથી કે નમૂના–3માં એડવાન્સ ડિમાન્ડ નોટિસની તાકીદ થયાના અગિયારમા દિવસે ફરજીયાતપણે કલમ ૯ની અરજી દાખલ કરવી રહી. આઇ.બી.સી.ની કલમ 238 એ લિમિટેશનના સમયગાળા સાથે સંબંધિત છે, જે તા.06.06.2018 થી અમલમાં આવી છે અને તે નીચે મુજબ છેઃ – –

> "(૨૩૮–એ) લિમિટેશનલિમિટેશન એક્ટ, ૧૯૬૩ (૧૯૬૩ નો ૩૬) ની જોગવાઈઓ, શક્ય હોય ત્યાં સુધી, ન્યાય આપનાર સત્તામંડળ, નેશનલ કંપની લો એપેલેટ ટ્રીબ્યુનલ, ડેટ રિકવરી ટ્રિબ્યુનલ અથવા ડેટ રિકવરી અપીલેટ ટ્રિબ્યુનલ સમક્ષ કાર્યવાહીઓ અથવા અપીલોને લાગુ પડે. "

(૨૦) સ્પષ્ટપણે, આઇ.બી.સી.ની કલમ–૨૩૮ એ લિમિટેશન એક્ટ, ૧૯૬૩ની જોગવાઈઓને એડજ્યુડીકેટિંગ ઓથોરિટી અને અન્ય ફોરમ સમક્ષની કાર્યવાહીના સંબંધમાં લિમિટેશન પિરીયડની ગણતરી સબબ લાગુ કરે છે. આ સ્થિતિ **બી. કે. એજ્યુકેશનલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ વિરુદ્ધ પરાગ ગુપ્તા એન્ડ એસોસિએટ્સ**[૪] માં આ અદાલતના ચુકાદાના પરિચ્છેદ ૪૩ અને ૪૮માં સ્પષ્ટ કરવામાં આવી છે અને તે નીચે મુજબ છેઃ –

---------------------
૪. (૨૦૧૯) ૧૧ એસ.સી.સી. ૬૩૩

> "(૪૩) કલમ ૮(૨)(એ) વંચાણે લેતાં જણાશે કે કોર્પોરેટ દેણદાર માંગણાં નોટિસ મળ્યાના ૧૦ દિવસના સમયગાળાની અંદર વિવાદની હયાતી ઓપરેશનલ લેણદારના ધ્યાને લાવશે. <u>અમે જોયું છે કે, કલમ–૫ (૬) માં પરિભાષિત 'વિવાદ'માં ચોક્કસ બાબતો સાથે સંબંધિત વાદ કે લવાદ પ્રક્રિયાનો સમાવેશ થાય છે.</u> વધુમાં, કલમ ૮(૨)(એ) હેઠળ કૉર્પોરેટ દેણદાર વૈકલ્પિક રીતે માંગણાં–નોટિસ મળે તે પહેલાં દાખલ થયેલ દાવો અથવા લવાદની પ્રક્રિયા પડતર હોવા અંગે ખુલાસો કરી શકે છે. એટલે એ સ્પષ્ટ છે કે ઓછામાં ઓછા ઓપરેશનલ ક્રેડિટરના કિસ્સામાં ડિફોલ્ટ એ રકમ હોવી જોઈએ, જે કાયદેસર બાકી છે અને ચૂકવવાપાત્ર છે. 'તકરાર' અથવા દાવો કે લવાદની પ્રક્રિયા પડતર રહેતાં અનિવાર્યપણે લિમિટેશન એક્ટ લાગૂ થશે, કારણ કે જો કોઈ દાવો અથવા લવાદની કાર્યવાહી ને સમયનો બાધ હોય તો તે રદ થવાં પાત્ર છે. આ હકીકતનું એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન એ છે કે જ્યારે સંહિતાની કલમ ૩(૧૧) અને ૩(૧૨) માં "બાકી અને ચૂકવણી" અભિવ્યક્તિ આવે છે, ત્યારે તે "ડિફોલ્ટ"નો ઉલ્લેખ કરે છે, જે કાયદાકીય રીતે દેવું છે

એટલે કે આ પ્રકારનું દેવું લિમિટેશન એક્ટ હેઠળ પ્રતિબંધિત નથી. એ બાબત પ્રસ્થાપિત છે કે જ્યાં એક જ શબ્દ સરખા સંદર્ભમાં આવે છે, ત્યાં કાયદાના મુસદ્દાકારનો આશય એ છે કે સમગ્ર કાયદામાં આ શબ્દનો એક જ અર્થ છે (જુઓ ભોગિલાલ ચુનીલાલ પંડ્યા વિરુદ્ધ સ્ટેટ ઓફ બોમ્બે ૧૯૫૯ સપ્લીમેન્ટ (1) SCR 310, AIR 1959 SC 356,1959 Cri LJ 389, Supper SCR at pp. 313 – ૧૪) આમ એ સ્પષ્ટ છે કે સંહિતાની કલમ ૭ અને ૮માં 'ડિફોલ્ટ' શબ્દનો એક જ અથ છે, જે સ્પષ્ટ કરે છે કે કોર્પોરેટ દેવાદાર સામે કોર્પોરેટ ઈન્સોલ્વેન્સી રીઝોલ્યુશન પ્રોસેસ માત્ર નાણાંકીય અથવા ઓપરેશનલ લેણદારો દ્વારા જ, એવા ઋણના સંબંધમાં કે જેમાં સમયબાધ નથી તેમાં શરૂ કરી શકાય છે.

(૪૮) આમ એ સ્પષ્ટ છે કે લિમિટેશન એક્ટ સંહિતાની શરૂઆતથી જ સંહિતાની કલમ ૭ અને ૯ હેઠળ દાખલ કરવામાં આવેલી અરજીઓ પર લાગુ પડતો હોઈ લિમિટેશન એક્ટની કલમ ૧૩૭ લાગુ પડે છે. આથી જ્યારે ડિફોલ્ટ થાય છે ત્યારે "દાવો કરવાનો અધિકાર" ઉત્તપન્ન થાય છે. જો અરજી દાખલ કરવાની તારીખથી ત્રણ વર્ષ અગાઉ ડિફોલ્ટ થયો હોય, તો અરજીને લિમિટેશન એક્ટની કલમ ૧૩૭ નો બાધ રહેશે, સિવાય કે એવા કિસ્સાઓમાં કે જ્યાં આ પ્રકારની અરજી દાખલ કરવામાં વિલંબને માફ કરવા માટે લિમિટેશન એક્ટની કલમ ૫ લાગુ થતી હોય."

(ભારપૂર્વક)

(૨૧) બી. કે. એજ્યુકેશનલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ (સુપ્રા) ના ચુકાદાથી જાણવા મળશે કે લિમિટેશન એક્ટ, ૧૯૬૩ની કલમ ૧૩૭ અને ૫

આઇ.બી.સી.ની કલમ ૭ અને ૯ હેઠળ દાખલ કરવામાં આવેલી અરજીઓને લાગુ પડે છે. અહીં નોંધનીય છે કે, લિમિટેશન એક્ટની કલમ ૧૩૭માં ત્રીજી કોલમ એવું દર્શાવે છે કે 'અરજી કરવાનો અધિકાર' ઊભો થતાં જ સમયની ગણતરી શરૂ થઇ જાય છે. **બાબૂલાલ વર્ધનજી ગુર્જર વર્સસ વીર ગુર્જર એલ્યુમિનિયમ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય**[૫] કેસમાં આ અદાલતે એ પ્રશ્ન વિચાર્યો હતો કે અરજી કરવાનો અધિકાર ક્યારે ઊભો થાય? સદરહુ નિર્ણયનો પરિચ્છેદ–૩૨, જ્યાં સુધી તે આ કેસના હેતુ માટે સુસંગત છે ત્યાં સુધી, નીચે મુજબ વંચાણે છેઃ –

__________________

૫. (૨૦૨૦) ૧૫ એસ.સી.સી. ૧

"(૩૨) જ્યારે સંહિતાની કલમ–૨૩૮–એ ને આ અદાલતના ઉપરોક્ત સાતત્યપૂર્ણ ચુકાદાઓ – ઇન્નોવેટીવ ઇન્ડસ્ટ્રીઝ [ઇન્નોવેટીવ ઇન્ડસ્ટ્રીઝ લિ. વિ. આઇ.સી.આઇ.સી.આઇ. બેન્ક, (૨૦૧૮) ૧ એસ.સી.સી. ૪૦૭], બી.કે. એજ્યુકેશનલ સર્વિસિસ [બી.કે. એજ્યુકેશનલ સર્વિસીસ પ્રા. લિ. વિ. પારસ ગુપ્તા એન્ડ એસોસીયેટ, (૨૦૧૯) ૧૧ એસ.સી.સી. ૬૩૩], સ્વિસ રિબોન્સ [સ્વિસ રિબોન્સ પ્રા. લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૨૦૧૯) ૪ એસ.સી.સી. ૧૭], કે. સશીધર [કે. સશીધર વિ. ઇન્ડીયન ઓવરસીસ બેન્ક, (૨૦૧૯) ૧૨ એસ.સી.સી. ૧૫૦], જીગ્નેશ શાહ [જિગ્નેશ શાહ વિ. યુનિયન ઓફ ઇન્ડીયા, (૨૦૧૯) ૧૦ એસ.સી.સી. ૭૫૦], વશદેઓ આર. ભોજવાણી [વશદેવ આર. ભોજવાણી વિ. અભ્યુદય કો.ઓ. બેન્ક લિ., (૨૦૧૯) ૯ એસ.સી.સી. ૧૫૮],ગૌરવ હરગોવિંદભાઈ દવે (ગૌરવ હરગોવિંદભાઈ દવે વર્સસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ, (2019) 10 એસસીસી 572) અને સાગર શર્મા (સાગર

શર્મા વર્સસ ફીનિક્સ એઆરસી (પી) લિમિટેડ, (2019) 10 એસસીસી 353), અનુક્રમે નીચેની મૂળભૂત બાબતો નિઃશંકપણે બહાર લાવે છેઃ

(ક) આ સંહિતા એક લાભદાયી કાયદો છે જેનો ઉદ્દેશ કોર્પોરેટ દેવાદારને ફરી પગભેર કરવાનો છે અને તે માત્ર નાણાં વસૂલવા માટેનો કાયદો નથી

